# રસાયણ વિદ્યાનું લક્ષ્ય

નાગાર્જુન આયુર્વેદના મહાન આચાર્ય હતા. એક વખત તેમને પ્રયોગશાળા માટે એક સહાયકની જરૂર પડી. બે યુવાનો તેમની પાસે આવ્યા. તેમણે બંને યુવાનોને કોઈ પદાર્થ આપ્યો અને ઘેરથી ત્રણ દિવસમાં અમુક રસાયણ બનાવી લાવવા કહ્યું. ત્રણ દિવસ બાદ એક યુવક રસાયણ તૈયાર કરી લાવ્યો ત્યારે નાગાર્જુને તેને પૂછ્યું કે, ''રસાયણ તૈયાર કરતી વખતે કોઈ ખાસ અડચણ તો નહોતી આવી ને ?''

યુવકે કહ્યું, ''અડચણો તો ઘણી આવી. મારાં માતાજી ખૂબ તાવમાં તરફડતાં હતાં, પિતાજી પેટની પીડાથી વ્યાકુળ હતા, નાના ભાઈના પગનું હાડકું તૂટી ગયું હતું પણ હું તો મારા પ્રયોગમાં જ લાગેલો રહ્યો.'' તેના સ્વરમાં ગર્વનો ટંકાર હતો. આચાર્ય માર્મિક હસ્યા.

થોડી વારમાં બીજો યુવક પણ આવી પહોંચ્યો અને રસાયણ તૈયાર નહીં કરી શકવા બદલ આચાર્યની માફી માગવા લાગ્યો. જ્યારે આચાર્યએ તેને રસાયણ તૈયાર નહીં કરી શકવાનું કારણ પૂછ્યું તો તેણે જણાવ્યું કે, તે જ્યારે ઘરે જઈ રહ્યો હતો ત્યારે એક વૃદ્ધ અને રક્તપિત્તથી પીડાતો નિર્ધન વ્યક્તિ મળ્યો જે નિઃસહાય પણ હતો, તેની સેવાચાકરીમાં જ ત્રણ દિવસ નીકળી ગયા. તેણે આચાર્યને વધુ બે દિવસનો સમય આપવા વિનવણી કરી.



આચાર્ય તેની વાત સાંભળી ગંભીર થઈ ગયા. પછી પહેલા યુવકને જતા રહેવા કહ્યું. તેમણે કહ્યું કે, ‘‘હું બીજા યુવકને મારા સહાયક તરીકે રાખું છું, કારણ કે રસાયણ જીવનની રક્ષા માટે હોય છે. જો રસાયણ બનાવવાવાળો જીવનની રક્ષાનું મહત્ત્વ ન સમજે તો તેને રસાયણવિદ્યા માટે યોગ્ય સમજી ન શકાય. આ હતો વિશ્વના આજપર્યંતના સર્વશ્રેષ્ઠ રસાયણશાસ્ત્રીનો જીવન અને રસાયણ અંગેનો અભિગમ.

(‘પ્રેરક વાર્તાઓ’ માંથી)

■